ગુજરાત રાજ્ય

સમાજ સુરક્ષા ખાતા નીચે આવેલ રાજ્ય આશ્રયાલયો: સ્ટેટ હોમ્સ : જિલ્લા આશરા ઘરો: ડિસ્ટ્રીક શેલ્ટર્સ : અને સત્કાર કેન્દ્રો : રીસેપ્શન સેન્ટર: ના વ્યવસ્થાતંત્ર : મેનેજમેન્ટ : અંગેના નિયમો અને રાજ્ય આશ્રયાલયો, જિલ્લા આશરા ઘરો અને સત્કાર કેન્દ્રોમાં પ્રવેશ અંગેના નિયમો.

-: પ્રકાશક :-
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, જિલ્લા પંચાયતનું મકાન,
સાતમા માળે, લાલ દરવાજા, અમદાવાદ.
૧૯૭૫

રાજ્ય આશ્રયાલયો : સ્ટેટ હોમ્સ:
જિલ્લા આશરા ઘરો : ડિસ્ટ્રીક્ટ
શેલ્ટર્સ : અને સત્કાર કેન્દ્રો : રીસેપ્શન
સેન્ટર : ના વ્યવસ્થાતંત્ર : મેનેજમેન્ટ :
અંગેના નિયમો અને રાજ્ય આશ્રયાલયો,
જિલ્લા આશરાઘરો અને સત્કાર કેન્દ્રોમાં
પ્રવેશ અંગેના નિયમોને બહાલી આપવા
બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ અને મજુર ખાતુ,

ઠરાવ નં. એસ.એમ.એચ.૧૦૬૨-૩૫૯૧૪-છ.
સચિવાલય, અમદાવાદ-૧૫.
તા.૧૩મી જુલાઇ, ૧૯૬૪.

વંચાણમાં લીધો:- સમાજ કલ્યાણ સંચાલક, ગુજરાત રાજ્ય, અમદાવાદનો
તા.૬ઠ્ઠી જુન ૧૯૬૨નો પત્ર નં. સીએ.એમ.એસ.૧૭૬૧.

ઠરાવ:

આ સાથે જોડેલા, ગુજરાત રાજ્યમાંના રાજ્ય આશ્રયાલયો, જિલ્લા આશરાઘરો અને સત્કાર કેન્દ્રોના વ્યવસ્થાતંત્ર અંગેના નિયમોને અને રાજ્ય આશ્રયાલયો, જિલ્લા આશરાઘરો અને સત્કાર કેન્દ્રોમાં પ્રવેશ અંગેના નિયમોને બહાલી આપવામાં આવે છે.

૨. સમિતિના બિન સરકારી સભ્યોને વખતોવખત સુધારેલા મુંબઇ રાજ્ય સેવા ગ્રંથ ૨ ના વિભાગ ૧ માં ના પરિશિષ્ટ ૪૨-એ ના નિયમ ૧(બ)૨ અન્વયે જિલ્લા સમિતિના સભ્યોને મળવાપાત્ર પ્રવાસ ભથ્થુ અને દૈનિક ભથ્થુ મળશે. જ્યા પ્રવાસ ભથ્થુ મળવાપાત્ર ન હોય ત્યાં બિન સરકારી સભ્યોને દરરોજના રૂ.૪(ચાર)ની મર્યાદામાં રહીને ખરેખરુ વાહન ભાડું ચુકવવું. સમિતિના મંત્રીઓ, સમિતિના બિન સરકારી સભ્યોના પ્રવાસ ભથ્થાના અને વાહન ભથ્થાના બિલો પર સામી સહી કરવી.

૩. રાજ્ય આશ્રયાલયો, જિલ્લા આશરાઘરો અને સત્કાર કેન્દ્રોની વ્યવસ્થાતંત્ર સમિતિના બીન સરકારી સભ્યોના પ્રવાસ ભથ્થા દૈનિક ભથ્થા વગેરે અંગેનું ખર્ચ અંદાજપત્રના સદર" ૩૯ પરચુરણ સામાજિક અને વિકાસલક્ષી સંઘઠનો ડી સામાજિક અને નૈતિક આરોગ્ય અને પછીના સંભાળ-સેવા-ડી-૧-બાળ ગુનેગાર શાખા" ખાતે ઉધારવું અને તેની નીચે કરવામાં આવેલ જોગવાઇ માંથી મેળવવું.

૪. આ ઠરાવ શિક્ષણ અને મજુર ખાતાની ફાઇલ નં. એસ.એમ.એચ.-૧૦૬૨-૩૫૯૧૪-છ, પરની નાણાંકીય સલાહકારની તા.૩૧મી ડીસેમ્બર,૧૯૬૨ની સહમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

પી. જે. દેસાઇ
ઉપ સચિવ
શિક્ષણ અને મજુર ખાતુ
ગુજરાત સરકાર

## રાજ્યઆશ્રયાલય, જિલ્લા આશરાઘર અને સત્કાર કેન્દ્રોનાં વ્યવસ્થાતંત્ર અંગેના નિયમો:-

(૧) વ્યાખ્યા:-

(૧) "સંસ્થા" એટલે યથા પ્રસંગ રાજ્ય આશ્રયાલય અથવા જિલ્લા આશરાઘર અથવા સત્કાર કેન્દ્ર.

(૨) "વ્યવસ્થાપક સમિતિ" એટલે સરકારે નીમેલી સંસ્થાની વ્યવસ્થાપક સમિતિ.

(૩) "અધિક્ષક" એટલે સંસ્થાનો હવાલો સંભાળતા મુખ્ય અધિકારી અને તેમાં સંસ્થાના અધિક્ષકનાં કર્તવ્યો બજાવવા નિયાયેલ ખાસ કોઇ વ્યક્તિનો સમાવેશ થાય છે.

(૪) "વર્ષ" એટલે ૧લી એપ્રીલથી ૩૧મી માર્ચ સુધીનું નાણાકીય વર્ષ.

### વ્યવસ્થાતંત્ર (મેનેજમેન્ટ)

સરકાર દરેક રાજ્ય આશ્રયાલય અથવા જિલ્લા આશરાઘર અથવા સત્કાર કેન્દ્રો માટે વધુમાં વધુ ૧૫ સભ્યોની બનેલી વ્યવસ્થાપક સમિતિ નીમશે. જેમાં વધુમાં વધુ ૭ સભ્યો સરકારે નીમેલા બિન-સરકારી સભ્યો હશે. સમિતિની મુદ્દત સમિતિની રચના કરતા હુકમોની તારીખથી ૨ વર્ષની રહેશે. બિન-સરકારી સભ્ય તેની નિમણુંકની તારીખથી ૨ વર્ષ માટે સભ્યપદ ધરાવશે અને ફરીથી નિમણુંક માટે પ્રાપ્ત ગણાશે.

### હોદ્દાની રૂએ સભ્યો :-

નીચેના અધિકારીઓ હોદ્દાની રૂએ સમિતિના સભ્યો રહેશે:-

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા તેના પ્રતિનિધિ.

(૨)જિલ્લા સેસન્સ જજ અથવા તેમના પ્રતિનિધિ.

(૩) જિલ્લા પોલિસ સુપરિન્ટેન્ડેન્ટ અથવા તેના પ્રતિનિધિ.

(૪) સિવિલ સર્જન અથવા તેના પ્રતિનિધિ.

(૫) યથાપ્રસંગ નગરપાલિકા અથવા જિલ્લા પંચાયતના પ્રતિનિધિ.

(૬) મુંબઇ ગુનેગાર પરિવીક્ષા અધિનિયમ હેઠળના અધિકારી અથવા ગુજરાત રાજ્યના અમદાવાદ ખાતેના સમાજ સુરક્ષાના નિયામકે નિયુક્ત કરેલ સમાજ સુરક્ષા ખાતાના કોઇ સિનિયર અધિકારી.

(૭) રોજગાર મથક અધિકારી અથવા તેના પ્રતિનિધિ.

(૮) સંસ્થાના અધિક્ષક.

અધ્યક્ષ:- અધ્યક્ષની નિમણુંક સરકાર દ્વારા થશે.

મંત્રી:- સંસ્થાના અધિક્ષક હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના મંત્રી રહેશે.

વ્યવસ્થાપક સમિતિ ઓછામાં ઓછી ત્રણ મહિને એકવાર મળશે. કુલ સભ્ય સંખ્યાના ૧/૩ સભ્યોની વિનંતીથી અધ્યક્ષ વધારાની બેઠક બોલાવી શકશે. બેઠક સંસ્થામાં મળશે.

બેઠકની કાર્યસાધક સંખ્યા : કોરમ : સભ્યોની કુલ સંખ્યાની ૧/૩ રહેશે. અધ્યક્ષ હાજર હોય ત્યારે વ્યવસ્થાપક સમિતિની દરેક બેઠક વખતે તે પ્રમુખ સ્થાન સંભાળશે. કોઇ બેઠક વખતે અધ્યક્ષ ગેરહાજર હોય તો હાજર રહેલાં સભ્યો, સભ્યોમાંથી એકને પ્રમુખસ્થાન લેવા માટે ચુંટશે અને આ રીતે ચુંટાયેલ સભ્ય તે સમયે અધ્યક્ષની બધી સત્તા ભોગવશે.

વ્યવસ્થાપક સમિતિની બેઠક માટે મંત્રીએ ઓછામાં ઓછા ૭ ચોખ્ખા દિવસની નોટીસ આપવાની રહેશે. આમ છતાં અધ્યક્ષની મંજુરીથી ટુંકા ગાળાની નોટિસથી તાકીદની બેઠક બોલાવી શકાશે.

વાજબી કારણો અને અધ્યક્ષની મંજુરી સિવાય સળંગ ૩ બેઠકોમાં ગેરહાજર રહેનાર બિન-સરકારી સભ્ય વ્યવસ્થાપક સમિતિના સભ્ય તરીકે બંધ થશે.

બિન-સરકારી સભ્ય, સમિતિની બેઠકોમાં હાજર રહેવા માટે અથવા સરકારી કામ માટે,સંસ્થાની મુલાકાત માટે, મુંબઇ રાજ્ય સેવા નિયમો, ગ્રંથ-૨ના વિભાગ ૧ માંના પરિશિષ્ટ ૪૨એ ના નિયમ ૧:બી: :૨: અન્વયે પ્રવાસ-ભથ્થુ અને દૈનિક ભથ્થુ મેળવી શકાશે. પ્રવાસ ભથ્થુ અને દૈનિક ભથ્થુ આકારી ન શકતા બિન સરકારી સભ્યોને રૂ.૪/- અથવા ખરેખરૂ વાહન-ખર્ચ તેના કરતાં ઓછું હોય તો તે ચુકવવામાં આવશે. વાહન-ભાડું આકસ્મિક ખર્ચમાંથી અધિક્ષક દ્વારા ચુકવવામાં આવશે.

૩-વ્યવસ્થાપક સમિતિના કર્તવ્યો, સત્તા અને ફરજો

વ્યવસ્થાપક સમિતિને નિવાસીઓના પ્રવેશ, શિક્ષણ અને તાલીમના અભ્યાસક્રમના આયોજન, તેમની વહેંચણી, પુન: સ્થાપના અને તેમને સ્થાન અપાવવાને લગતી સત્તા રહેશે.

સમિતિના અધ્યક્ષ સાથે ચર્ચા-વિચારણા કરીને અધિક્ષક વ્યવસ્થાપક સમિતિ વતી આ સત્તાનો ઉપયોગ કરશે. આગળના ત્રણ માસમાં અધિક્ષકે આપેલ પ્રવેશની માહિતી, તે તેની આગામી બેઠકમાં વ્યવસ્થાપક સમિતિ સમક્ષ રજુ કરશે.

સંસ્થાનું વ્યવસ્થાતંત્ર, વ્યવસ્થાપક સમિતિની સલાહ અનુસાર અધિક્ષક દ્વારા ચલાવવામાં આવશે. વ્યવસ્થાપક સમિતિ પણ જરૂરી ભલામણો કરશે.

વ્યવસ્થાપક સમિતિના સભ્યોને, કોઇપણ યોગ્ય સમયે સંસ્થાની મુલાકાત લેવાની અને સંસ્થાના રોજ-બરોજના કાર્યમાં અને તેમાં ખાસ કરીને સફાઇ, આરોગ્ય, શિક્ષણ, ખોરાક, વગેરેની બાબતમાં અધિક્ષકને સલાહ આપવાનો અધિકાર રહેશે.

વ્યવસ્થાપક સમિતિ, તેની જવાબદારીઓ અદા કરવામાં અને સહાય કરવા તેને જરૂરી લાગે એ રીતે તેના સભ્યોમાંથી પેટા-સમિતિઓની રચના કરી શકાશે. "કેસ સમીક્ષા સમિતિ"ના નામે ઓળખવાની ખાસ પેટા સમિતિ રચવામાં આવશે અને દાખલ કરેલા અને છુટા કરવાના નિવાસીઓના કેસોની સમીક્ષા કરવા અને તેમના પુન:સ્થાપન અંગે આગળની કાર્યવાહી કરવા અધિક્ષકને સલાહ આપવા અમુક અમુક સમયને અંતરે એની બેઠકો મળશે.

સંસ્થાના બધા સરકારી કર્મચારીઓની નિમણુંક અમદાવાદ ખાતેના ગુજરાત રાજ્યના સમાજ સુરક્ષાના નિયામક, દ્વારા મંજુર કરવામાં આવશે. અધિક્ષકની જગ્યા સિવાયની બીજી આવી જગ્યા માટેના ઉમેદવારોની પસંદગી, અધ્યક્ષ, અધિક્ષક અને મુંબઇ ગુનેગાર પરિવિક્ષા અધિનિયમ હેઠળના સ્થાનિક મુખ્ય અધિકારીની બનેલી સમિતિ દ્વારા કરવામાં આવશે.

વ્યવસ્થાપક સમિતિ, સંસ્થાના કાર્યદક્ષ વ્યવસ્થાતંત્રને લગતી બાબતો અંગે સમાજ સુરક્ષાના નિયામકને સલાહ પણ આપી શકશે.

વ્યવસ્થાપક સમિતિની નીચે પ્રમાણેની ફરજો રહેશે.

(ક) બધી બાબતમાં સંસ્થામાંની વ્યવસ્થા બરાબર હોય તે તપાસવાની અને જોવાની,

(ખ) તબીબી, પ્રવેશ અને નિકાલપત્રકો અને બીજા કોઇ સંબંધિત દફ્તરો તપાસવાની,

(ગ) કોઇ નિવાસીને સંસ્થામાં ગેરકાયદેસર રાખવામાં આવતો નથી એ જોવાની.

(ઘ) કોઇ ખાસ કેસો પ્રમાણિત શાળાઓના મુખ્ય નિરીક્ષકના ધ્યાનપર લાવવાની અને

(ચ) વ્યવસ્થાપક સમિતિના સભ્યોને મળવા માંગતા નિવાસીઓને સાંભળવાની અને અધિક્ષકને યોગ્ય સલાહ આપવાની

કોઇ મુદ્દા અંગે અધિક્ષક અને વ્યવસ્થાપક સમિતિના સભ્યો વચ્ચે કોઇ મતભેદ હોય તો તે બાબત અમદાવાદ ખાતેના ગુજરાત રાજ્યના સમાજ સુરક્ષાના નિયામકને જણાવવી અને તે અંગેનો સમાજ સુરક્ષાના નિયામકનો નિર્ણય આખરી ગણાશે.

અધિક્ષકનાં કર્તવ્યો અને ફરજો

અધિક્ષક, વહીવટ, નિવાસીઓને પ્રવેશ આપવો અને છુટા કરવા અમેની વ્યાપક નિતિ,હિસાબો વગેરે સહિતની બધી બાબતોમાં સમાજ સુરક્ષાના નિયામકના હુકમો અને સામાન્ય દેખરેખ હેઠળ સંસ્થાનો વડો રહેશે.

કચેરીના વડા અને આકારણી અધિકારી તરીકે અધિક્ષકને આવા સરકારી અધિકારીઓની સત્તા અને જવાબદારીઓને લગતા સામાન્ય નિયમો લાગુ પડશે અને નાણાકીય બાબતમાં સમાજ સુરક્ષા નિયામકને સંપૂર્ણ પણે જવાબદાર રહેશે.

સંસ્થામાં નિમાયેલા કર્મચારી વર્ગના સભ્યોને મુંબઇ રાજ્ય સેવા નિયમો અને વખતો વખત સરકારે બહાર પાડેલા હુકમો લાગુ પડશે.

સંસ્થાના અધિક્ષક વ્યવસ્થાપક સમિતિના હોદ્દાની રૂએ મંત્રી રહેશે અને સમિતિની બેઠકોના સંચાલન માટે સમિતિના અધ્યક્ષની સુચનાઓ અનુસાર કાર્ય કરશે. અધિક્ષક વ્યવસ્થાપક સમિતિની બેઠક બોલાવવા બેઠકોની કાર્ય-સુચી :એજન્ડા:તૈયાર કરવા અને રજુ કરવા, બેઠકની કાર્યનોંધ અને સમાજ સુરક્ષાના નિયામકને બેઠકોની કાર્યવાહી અને આવી બીજી કોઇ આનુષંગિક બાબતો જણાવવા માટે જવાબદાર રહેશે.

અધિક્ષક,સંસ્થાના મકાનમાં સરકારે આપેલા નિવાસમાં રહેશે.

સંસ્થાના નિવાસીના સંભાળ, સલામતિ, રક્ષણ, સારવાર, તાલીમ અને સામાન્ય સુખાકારી માટે અધિક્ષક જવાબદાર રહેશે તે નિવાસીઓ વચ્ચે મુક્તપણે ફરશે અને પ્રત્યેક નિવાસીની ચાલચલગત, પ્રગતિ, વર્તણુક અને પ્રશ્નો અંગે તેની પાસે આવેલી તેમની ફરિયાદો સાંભળશે અને નિકાલ કરશે. અને તેમાના પ્રત્યેકને યોગ્ય ખોરાક, કપડા, પથારી અને બીજી પ્રાપ્ય સવલતો મળી રહે તે જોશે.

અધિક્ષક સંસ્થાની શિસ્ત જાળવશે અને કર્મચારી વર્ગનો દરેક સભ્ય ડહાપણ, શીરજ અને સ્વચ્છતાથી વર્તે છે અને પોતાની ફરજો સંતોષકારક રીતે બજાવે છે તે જોશે.

અધિક્ષક નીચેના પત્રકો અને દફતરો રાખશે.

(ક) (૧) વ્યક્તિગત કેસના દફતર

(૨) પ્રવેશ અને છુટા કર્યા અંગેનું પત્રક

(૩) નિવાસીઓની મિલકત અંગેનું પત્રક

(૪) નિવાસીઓની અંગત ખાતાવહી

(૫) રોજગાર પત્રક

(૬) વ્યવસાય, તાલીમ પત્રક અને કાર્યક્રમ માટે દેખરેખ સંપર્ક પત્રક

(ખ) નાણાકીય દફતરો

(૧) બજેટ-અંદાજ,

(૨) ગ્રાન્ટો,

(૩) રોકડ અને જણસના રૂપમાં દાન

(૪) : રોકડ : રોજમેળ

(૫) પરચુરણ રોકડ હિસાબો

(૬) સિલકી સામાનનું પત્રક: ડેડસ્ટોક રજીસ્ટર:

(૭) રાશન અને ખાધ સામગ્રી : પ્રેવિઝન : કાચો માલ સામાન અને પરચુરણ વસ્તુઓ માટેના સ્ટોક અને જાવક પત્રકો

(૮) સરકારી નિયમો હેઠળ જરૂરી એવા હિસાબોને લગતાં બધા દફતર

(૯) છાત્રોનીતબીબી તપાસનું દફતર

(૧૦) વ્યવસ્થા સમિતિની કાર્યવાહી “મિનિટ બુક”

(૧૧) મુલાકાતીઓની વિશેષનોંધ માટેની મુલાકાતી નોંધપોથી.

(૧૨) કપડાં અને પથારીઓ અંગેનું પત્રક.

(૧૩)સમાજ સુરક્ષાના નિયામક વખતો વખત નિયત કરે એવા બીજા પત્રકો

સંસ્થાના હિસાબો વ્યવસ્થિત રીતે રાખવા માટે અધિક્ષક જવાબદાર રહેશે. તે સંસ્થાના આવક અને ખર્ચ પર સતત દેખરેખ રાખશે અને વારંવાર ચોકસાઇ કરીને પત્રકો અને હિસાબના ચોપડા બરાબર લખવામાં અને વ્યવસ્થિત રાખવામાં આવતા હોય અને રોકડ સિલક રોકડવહીમાં નોંધેલી સિલક સાથે મળતી આવતી હોય એની જાતે ખાતરી કરશે.

અધિક્ષક, નાણાકીય બધી બાબતોમાં, સરકાર અથવા સમાજ સુરક્ષાના નિયામક દ્વારા વખતો વખત તેને સોંપવામાં આવે એવી સત્તાઓનો ઉપયોગ કરશે અને જે ખર્ચ માટે તેને સત્તા ન હોય એવા તમામ ખર્ચ માટે સમાજ સુરક્ષાના નિયામકના હુકમો મેળવશે.

## અધિક્ષકની ફરજો

(૧) અધિક્ષક સામાન્ય દેખરેખ અને સંસ્થાની સ્વચ્છતા અને નિવાસીઓના આરોગ્ય અંગેની ફરજો સંભાળશે.

(૨) તાબાના કર્મચારી વર્ગની શિસ્ત માટે અધિક્ષક જવાબદાર રહેશે.

(૩) અધિક્ષક, સામાન્ય હિસાબો, ચુકવણી બિલો અને નિવાસીઓ ઝેરઝવેરાત, રોકડ અને બીજી વસ્તુઓ સુરક્ષામાં રાખવા અંગેની કામગીરી સંભાળશે.

(૪) અધિક્ષક, કચેરી પત્ર-વ્યવહાર, મુલાકાતીઓ સાથેની મુલાકાત અને તેમને સંસ્થા બનાવવા અંગેની કામગીરી સંભાળશે.

(૫) અધિક્ષક, મહિનામાં ઓછામાં ઓછુ એક વાર ખાદ્ય સામગ્રી 'પ્રોવિઝન' ના કોઠારની ઓચિન્તી તપાસ કરશે, અનિર્ધારિત સમયે સંસ્થાની મુલાકાત લેશે અને દરેક વસ્તુ વ્યવસ્થિત હોય એની તપાસ કરશે.

(૬) અધિક્ષક અચોક્કસ સમયાન્તરે મહિનામાં ઓછામાં ઓછી બે વાર રાત્રે સંસ્થાની મુલાકાત લેશે.

(૭) અધિક્ષક, રસોઇયાઓની વજન કરીને સીધું સામાન અપાય તે જોશે

અને ખોરાક યોગ્ય રીતે રાંધવામાં આવે અને નિવાસીઓને પુરતા પ્રમાણમાં પહોંચે એની ખાતરી કરવા સારૂ જ્યારે તે રંધાઇ વહેંચણી માટે તૈયાર થાય ત્યારે દરરોજ તપાસસે. અધિક્ષકની ખોરાકની તપાસનું પરિણામ કચેરી-પોથીમાં નોંધવાનું રહેશે.

તેની ફરજો બજાવવામાં, જ્યાં સમાજ સુરક્ષાના નિયામકની મંજુરી જરૂરી હોય એવી બાબતો સિવાયની બીજી બાબતોમાં અધ્યક્ષ અને વ્યવસ્થાપક સમિતિના સલાહ અને સુચનાનું અધિક્ષક પાલન કરશે.

પરચુરણ

વ્યવસ્થીત રમતો, ફરવા જવું સંસ્થા બહારની મુલાકાતો અને સાંસ્કૃત્તિક કાર્યક્રમો વગેરે સહિત મફત મનોરંજન માટે પુરતી જોગવાઇ કરવામાં આવશે.

રાજ્ય આશ્રયાલય જિલ્લા આશરાઘર અને સત્કાર કેન્દ્રોમાં પ્રવેશ આપવા માટેના નિયમો

૧. વ્યાખ્યા:- (ક) “રાજ્ય આશ્રયાલય”એ પછીની સંભાળની જરૂરીયાતવાળી વ્યક્તિઓને સલામતી, રક્ષણ અને તાલીમ માટે રાજ્ય કક્ષાએ લાંબાગાળા સુધી રહેવાનું આશ્રયસ્થાન છે.

(ખ) “જિલ્લા આશરાઘર”એ પછીની સંભાળની જરૂરિયાતવાળા બધા પ્રકારના માણસો માટે જિલ્લા કક્ષાએ ટુંકાગાળા માટે રહેવાનું આશ્રયસ્થાન છે.

(ગ) “સત્કાર કેન્દ્ર”એ રક્ષણની જરૂરિયાત હોય એવી સ્ત્રીઓ, અને કન્યાઓ માટે જિલ્લા કક્ષાએ ટુંકાગાળા માટે રહેવાનું આશ્રયસ્થાન છે.

૨. (ક) નૈતિક જોખમમાંથી ઉગારી લેવાયેલ સ્ત્રીઓ અને કન્યાઓ માટેના રાજ્ય આશ્રયાલયમાં નીચેના પ્રકારની વ્યક્તિઓને દાખલ કરી શકાશે.

| ૧૬ વર્ષ ઉપર પણ ૨૧ વર્ષથી નીચેની વયની કન્યાઓ | ૨૧ વર્ષ ઉપરની પણ ૪૫ વર્ષથી નીચેની વયની સ્ત્રીઓ |
|---|---|
| ૧. બચાવીલેવાયેલ કન્યા | ૧. બચાવી લેવાયેલ સ્ત્રી |
| ૨. આશ્રિત | ૨. આશ્રિત |
| ૩. ત્યક્તા | ૩. ત્યક્તા |
| ૪. અનુચિત્ત લાભ લેવાયેલ અથવા ભોગ બનેલ. | ૪. અનુચિત્ત લાભ લેવાયેલ અથવા ભોગ બનેલ. |
| ૫. અપરણિત માતા. | ૫. અપરણિત માતા. |
| ૬. ગેર કાયદે માતા. | ૬. ગેર કાયદે માતા. |
| ૭. સગર્ભા કન્યા. | ૭. વેશ્યા |

| | |
|---|---|
| ૮. વેશ્યા | ૮. વિધવા |
| ૯. વિધવા | ૯. દેવદાસી |
| ૧૦. દેવદાસી | ૧૦. ભુતપૂર્વ કેદી |
| ૧૧. અનાથ | ૧૧. અજમાયશી (પ્રોબેશનર) |

૧૨. નિરાધાર અથવા તરછોડાયેલ

૧૩. બાળ રક્ષા ગૃહ, પ્રમાણિત
શાળાઓ અથવા વ્યક્તિયોગ્ય સંસ્થા.
Fit persons Institutions
માંથી છુટા કરેલ અને પછીની સંભાળની જરૂરિયાતવાળી.

૧૪. ભુતપૂર્વ કેદી.

૧૫. અજમાયશી (પ્રોબેશનર)

(ખ) સત્કાર કેન્દ્રમાં ઉપરના પ્રકારની સ્ત્રીઓ અને કન્યાઓને ટુંકી મુદ્દતના ધોરણે દાખલ કરવામાં આવશે.

૩. (ક) પુરૂષો માટેનું રાજ્ય આશ્રયાલય :- એમાં નીચેના પ્રકારની વ્યક્તિઓને દાખલ કરવામાં આવશે.

| ૧૬ વર્ષ ઉપર પણ ૨૧ વર્ષથી નીચેની વયના યુવાનો | ૨૧ વર્ષ ઉપરની પણ ૪૫ વર્ષથી નીચેની ઉંમરના પુખ્ત વયના પુરૂષો |
|---|---|
| ૧. પ્રમાણિત શાળાઓ અથવા ઔદ્યોગિકશાળાઓ અથવા સુધારાત્મક શાળાઓ અથવા બાળ રક્ષા ગૃહોમાંથી છુટા કરાયેલ બાળ ગુનેગારો. | ૧. ભુતપૂર્વ – બોર્સ્ટલ, |

| | |
|---|---|
| ૨. રખડુ | ૨. ભુતપુર્વ કેદીઓ |
| ૩. અનાથ | ૩. પુખ્તવયના અજમાયશી (પ્રોબેશનર) |
| ૪. અનુચિત્ત લાભ લેવાયેલ | ૪. રખડુ |
| ૫. તરછોડાયેલ અથવા આશ્રિત | ૫. અનાથ |
| ૬ નિરાધાર અથવા અંશત: નિરાધાર | |

(ખ) જિલ્લા આશરાઘરમાં ઉપરના પ્રકારની વ્યક્તિઓને ટુંકી મુદ્દતના ધોરણે દાખલ કરવામાં આવશે.

૪. રાજ્ય આશ્રયાલયો, જિલ્લા આશરાઘર અને સત્કાર કેન્દ્રોમાં નીચેની બાબતો ધ્યાનમાં લઇને પ્રવેશ આપવામાં આવશે.

(૧) વ્યક્તિને જે જુથ સાથે સંબંધ જુથ

(૨) સંસ્થામાં દાખલ કરવામાં આવનાર વ્યક્તિના પ્રકારથી સંસ્થામાં મળી શકે એવી સેવા માટે યોગ્ય બનાવવાનો અને તેનાથી લાભ થવાનો સંભવ છે કેમ કેમ

(૩) અમુખ જુથમાંની વ્યક્તિઓને યોગ્ય રીતે એક સાથે સમાન સંસ્થામાં તેમના વ્યક્તિત્વ અને સામાજિક મેળ અથવા તેમના વાતાવરણની અનુકુળતાને અસર કર્યા સિવાય મુકી શકાય તેમ છે કે કેમ,

(૪) સંસ્થામાં આવ્યા અગાઉ વ્યક્તિએ લીધેલી ધંધા અથવા હુન્નરની તાલીમનો પ્રકાર.

(૫) પશ્ચાત-ભૂમિકાની માહિતીની વિગતો પરથી સંસ્થાની સેવાનો ઉપયોગ કરવાનું વ્યક્તિનું વલણ છે કે કેમ.

(૬) ધંધાકિય પુન: સ્થાપન માટે વ્યક્તિને જરૂરી હોય એવી તાલીમ સવલતો સંસ્થાના બીજા નિવાસીઓએ પુરી પાડી શકાય કે કેમ અને સંસ્થામાં વૈકલ્પિક વ્યવસ્થા કરવી શક્ય છે કે કેમ.

(૭) રોજગારી અથવા નોકરીની જરૂરિયાત હોય તેમને ઉત્પાદન એકમ કે બીજે સ્થળે યોગ્ય રોજગારી કે નોકરી માટે વ્યવસ્થાતંત્ર (મેનેજમેન્ટ) ગોઠવી શકે કે કેમ.

(૮) નિવાસીઓના સંસ્થામાં રહેવાથી તેમના પુન:સ્થાપન માટે સરળતા થશે કે કેમ.

૫. સુધારાત્મક સંસ્થાઓ અને સંભાળ સંસ્થાઓમાંથી વ્યક્તિઓને છુટી કરવામાં આવે એ અગાઉ એ સંસ્થાઓના વડા અથવા સંપર્ક અધિકારીઓ પત્ર-વ્યવહારથી તેમને માટે રાજ્ય આશ્રયાલય, જિલ્લા આશરાઘર અને સત્કાર કેન્દ્રોમાં, પ્રવેશની ગોઠવણ કરી શકશે.

૬. રાજ્ય આશ્રયાલય, જિલ્લા આશરાઘર અને સત્કાર કેન્દ્રના અધિક્ષક તેના મતે કોઇપણ વ્યક્તિ દેખીતી રીતે ગુજરાનના સાધન વગરની હોય અથવા તેની સંભાળ લેવા માટે યોગ્ય વાલી અથવા સગા ન હોય અને જેને તાત્કાલિક મદદ અને રક્ષણ આપવાની જરૂર લાગતી હોય એવી વ્યક્તિને દાખલ કરી શકાશે.

૭. સ્ત્રીઓ માટેના રાજ્ય આશ્રયાલયમાં અને સત્કાર કેન્દ્રમાં, સંતાનવાળી સ્ત્રીઓને જો તે છ વર્ષથી નાની વયમાં હોય તો તેમના સંતાન તેમની સાથે રાખવાની છુટ આપી શકશે. ૬ વર્ષથી મોટી વયના બાળકોને, બાળકો માટેની સ્થાનિક સંસ્થામાં મુકવા અને તેમની માતાઓને તેમની મુલાકાત લેવા માટે છુટ આપવી.

૮. કોઇપણ સત્કાર કેન્દ્ર, જિલ્લા આશરાઘર અથવા રાજ્ય આશ્રયાલયમાં કોઇપણ વ્યક્તિને દાખલ કરવા હુકમ આપવાની સમાજ સુરક્ષાના નિયામકને સત્તા રહેશે.

૯. કોઇપણ રાજ્ય આશ્રયાલય, જિલ્લા આશરાઘર અથવા સત્કાર કેન્દ્રના અધિક્ષક નિવાસીઓના પ્રવેશ અંગેની જાણ, વ્યવસ્થાપક સમિતિના અધ્યક્ષને ૨૪ કલાકની અંદર કરશે, સિવાય કે તેણે પૂર્વ મંજુરી મેળવી હોય.

૧૦. જિલ્લા આધરાઘર અથવા સત્કાર કેન્દ્રમાં રહેવાની મુદ્દત.

(૧) સત્કાર કેન્દ્ર અથવા જિલ્લા આશરાઘરમાં સામાન્ય રીતે નિવાસીઓને ૩ મહિનાથી વધુ સમય માટે રહેવાની છુટ આપવામાં આવશે નહિ. આ મુદ્દત ૩ મહિના સુધી નીચેના સંજોગોમાં લંબાવી શકાશે:-

(ક) કોઇ અદાલતી કાર્યવાહી ચાલુ હોય અને તે સ્થળે નિવાસીઓની હાજરી જરૂરી હોય તો,

(ખ) પોતાના કુટુમ્બના સભ્યો દ્વારા નજીકના ભવિષ્યમાં નિવાસીઓના સ્વીકરાની સંભાવના હોય અને પુન: મેળાપ થવા માટે તે સ્થળે નિવાસીઓની હાજરી જરૂરી લાગતી હોય તો,

(ગ) નિવાસીની તબીયત બગડે અને તેને મોકલી દેવા સલાહ ભર્યું ન લાગે તો.

(૨) બીજા કોઇ સંજોગોમાં સંસ્થાની વ્યવસ્થાપક સમિતિ વધુમાં વધુ ૩ મહિના સુધી રહેવાનો મુદ્દત વધારો મંજુર કરી શકશે.

(૩) નિવાસીને છ મહિના ઉપરાંત સંસ્થામાં રહેવાની છુટ આપવી એવો વ્યવસ્થાપક સમિતિનો મત થાય ત્યારે સંસ્થાના અધિઅક્ષક જરૂરી વિગતો અને વ્યવસ્થાપક સમિતિની ભલામણો સહિત નિવાસીનો કેસ સમાજ સુરક્ષાના નિયામક ગુજરાત રાજ્ય,અમદાવાદને મોકલી આપશે આવા કેસમાંનિયામકનો નિર્ણય આખરી ગણાશે.

૧. રાજ્ય આશ્રાલયમાં રહેવાની મુદ્દત:-

૧. રાજ્ય આશ્રાલયના વિવાસીને વધુમાં વધુ એક વર્ષની મુદ્દત માટે અથવા અમુક ધંધામાં તેની તાલીમ પુરી થાય ત્યાં સુધી અથવા કોઇપણ અદાલતના હુકમથી સુચવેલ મુદ્દત સુધી આશ્રાલયમાં રહેવાની છુટ આપી શકાશે. આ મુદ્દત નિયમ ૧૦ના પેટા નિયમો (૧) અને (૨)માં જણાવેલા સંજોગોમાં ત્રણ મહિના સુધી લંબાવી શકાશે. લંબાવેલી મુદ્દત ઉપરાંત નિવાસીને સંસ્થામાં રહેવાની છુટ આપવી એવો વ્યવસ્થાપક સમિતીનો મત થાય ત્યારે સંસ્થાના અધિક્ષક, જરૂરી વિગતોઅને વ્યવસ્થાપક સમિતિની ભલામણો સહિત નિવાસીનો કેસ સમાજ સુરક્ષાના નિયામક ગુજરાત રાજ્ય, અમદાવાદને મોકલી આપશે. આવા કેસમાં નિયામકશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

## મહિલા કલ્યાણ શાખા હેઠળની સરકારી
## સંસ્થાઓની નામની નામાવલી

<u>(૧) સ્ત્રીઓ માટેની સંસ્થા:-</u>

૧. સ્ત્રી અધિક્ષક,
નારી સંરક્ષણ ગૃહ,અમદાવાદ.
શ્રી નિધિ બંગલો, આનંદનગર
પો.ઓફીસ પાલડી,
અમદાવાદ-૭

૨. સ્ત્રી અધિક્ષક,
નારી સંરક્ષણ કેન્દ્ર-ખંભાત.
ગુલાબબેન જીવણલાલ જ્યોતીસંઘનું
મકાન,રાવળીયાવાડ,ગલી-ફળિયું
તા.ખંભાત જિ. ખેડા.

૩. સ્ત્રી અધિક્ષક,
નારી સંરક્ષણ કેન્દ્ર, ગોધરા.
કોમર્સ કોલેજ પાછળ
સીવીલ લાઇન્સ
જિ.પંચમહાલ ગોધરા.

૪. સ્ત્રી અધિક્ષક,
નારી સંરક્ષણ કેન્દ્ર, પાલનપુર.
મોટી બજાર,
જિ.બનાસકાંઠા
તા.પાલનપુર

૫. સ્ત્રી અધિક્ષક,
નારી સંરક્ષણ કેન્દ્ર, ભરૂચ.
ઓમકારનાથજીના બંગલામાં
સીવીલ લાઇન્સપાછળ,
જિ.ભરૂચ તા.ભરૂચ

૬. સ્ત્રી અધિક્ષક,
નારી સંરક્ષણ કેન્દ્ર, પાલીતાણા,
તળેટી રોડ, સી.એમ.વિદ્યાલયની
જિ.ભાવનગર તા.પાલીતાણા

૭. સ્ત્રી અધિક્ષક,
નારી સંરક્ષણ કેન્દ્ર, સુરેન્દ્રનગર,
કોલેજ સોસાયટી, સુરેન્દ્રનગર.

૮. સ્ત્રી અધિક્ષક,
નારી સંરક્ષણ ગૃહ, વડોદરા,
નિઝામપુરા, વડોદરા.૨

૯. સ્ત્રી અધિક્ષક,
નારી સંરક્ષણ ગૃહ, સુરત,
અઠવા લાઇન્સ ધોડદોડ રોડ, જિ.સુરત.

<u>(૨) પુરૂષો માટેની સંસ્થા:-</u>

૧૦. સુપ્રીન્ટેન્ડન્ટ,
જિલ્લા આશ્રય ગૃહ, અમદાવાદ,
પાર્વતીબાઇ અશ્કતા આશ્રમ,
આસ્ટોડીયા દરવાજા સામે,
અમદાવાદ-૨૨.

૧૧. સુપ્રીન્ટેન્ડન્ટ,
પુરુષ રાજ્ય આશ્રય ગૃહ, રાજકોટ
ભકિતનગર, સ્ટેશન પ્લોટ,
કિશોરકુંજ,
જિ.રાજકોટ.